जागर्तु कोऽपि वसुधावलयेऽनसूय:
सन्मार्मिक:, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 17 • Issue No. : 12 • Pages : 8 MUMBAI • 1st December - 2019 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# 'શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર' ગ્રંથની ભૂમિકા

## તત્ત્વ–અર્થ–અધિગમ

(ગતાંકથી ચાલુ)

**૨૦. પ્રાચીન શાસ્ત્રોનાં મંતવ્યો સાથે મળતાં બીજા પણ કેટલાંક પ્રમાણો**

૧. મોક્ષમાં જનારા મનુષ્યના શરીરની અવગાહના (ઊંચાઈ) પાંચશે ધનુષ્ય ઉપરાંતની બે થી નવ ધનુષ્યની ઉંચાઈના મનુષ્યો મોક્ષે જવાની વાત શ્રી મરુદેવા માતાનો દાખલો આપીને બતાવી છે, (પૃષ્ઠ ૭૫૪) એ તો ઘણા જ પ્રાચીન કાળની વાત છે.

૨. તેવું જ ''અમૃત બજાર પત્રિકા'' નવેંબર ૧૯૫૯નું એક અવતરણ નીચે પ્રમાણે છે :-

''100 Feet Long Dinosaurs, Bones Found in Gobi Desert''

Bones of the Giant dinosaur and the Sauropod the largest land animals known the have lived on the earth have been faund in the Gobi Desert by a Sino-Soviet scintific expedition, the new China news agency reported from Peking.

The largest sauropod was about 100 fit long and weighted abovt 50 touns the dinosaurs were estimated to have lived about ten million years ago.

અર્થ :-

''એકસો ફુટ લાંબો ડીનોઝર્સ : ગોબી પ્રદેશમાંથી મળી આવેલાં હાડકાં.''

ન્યુ ચાઇના ન્યુઝ એજન્સીએ પેકીંગથી જાહેર કર્યું છે કે ધી સોવિએટ વૈજ્ઞાનિક ટુકડીને ડીનોઝર અને સોરોપોડ નામના રાક્ષસી પ્રાણીઓ કે જેઓ પૃથ્વી ઉપર મોટા પ્રાણી હતા એમ કહેવાય છે. તેઓના હાડકાંઓ ગોબી પ્રદેશોમાંથી મળી આવ્યા છે.

સૌથી મોટા એ પ્રાણી સોરોપોડની લંબાઈ ૧૦૦ (સો. ફીટની હતી અને વજનમાં ૫૦ (પચાસ) ટન હતો. તે લગભગ એક કરોડ વર્ષ પૂર્વે ડીનોઝર્સ હોવો જોઈએ, એવી અટકળ થાય છે. (રૂટર).''

**૩. દશ લાખ વર્ષનું જૂનુ મળી આવેલું હાથીનું હાડપિંજર.**

મોસ્કો, તા.૧૬ નવેંબર, ૧૯૫૯

''પૂર્વ જ્યોર્જીયામાં દશ લાખ વર્ષનું જુનું હાથીનું હાડપિંજર મળી આવ્યું છે. તે પંદર ફીટ લાંબું છે, બે ટન વજનનું છે.''

(મુંબઈ સમાચાર)

૪. બલુચિસ્તાનમાંથી મળી આવેલ કેટલાક હાડકાં ઉપરથી તેની કલ્પિત રચના મનુષ્ય કરતાં છ ગણી ઊંચાઈથી કલ્પવામાં આવી છે. જેનું નામ બલુચી થેરીયમ પાડવામાં આવ્યું છે.

(કુમાર-માસિક ઉપરથી નોંધ)

૫. ''પૃથ્વી સૂર્યથી જુદો પડેલો ટુકડો છે,'' આ વિજ્ઞાનની એક સમયની દૃઢ માન્યતાનો આજે વૈજ્ઞાનિકોમાં વિરોધ થઈ રહ્યો છે.

''પૃથ્વીની ઉત્પત્તિ સંબંધી કોઈ ચોક્કસ સિદ્ધાંત ઉપર હજુ વિજ્ઞાન આવ્યું નથી.''

૬. ''આજે એવું માન્ય છે કે ઓચ્છામાં ઓચ્ચી દશ લાખ પૃથ્વીઓ એવી હશે કે જેના પર જીવનનું અસ્તિત્વ (Life) સંભવિત છે.''

૭. ''વૈજ્ઞાનિક શોધો માન્યતા છે. પ્રમાણ નથી. એક દૃષ્ટિબિન્દુ છે. સંપૂર્ણ સત્ય નથી.''

૮. ''It will indeed be interesting to see how of the many things which astronomers have learned during this last century, will have to be unlearned in the next.''

R. L. Waterfield

(A Hundred years of Astronomy)

અર્થ :-

''અર્વાચીન ખગોળશાસ્ત્રીઓએ, આ સદીમાં જેટલી માન્યતાઓ રચી છે, તેમાંથી ન જાણે કેટલીયે માન્યતાઓમાં ધરમૂળનો ફેરફાર, આવતી સદીમાં કરવો પડશે.''

Dr. Harlow Shapley

૯. ''છેલ્લા વીશ વર્ષમાં ખગોળ સંબંધી આપણું જ્ઞાન કદાચ બમણું થયું છે. પરંતુ આપણા પ્રશ્નો (Problemes) ત્રણ-ચાર ગણા બન્યા છે. અને આ રીતે, અપેક્ષાએ, આપણું અજ્ઞાન પહેલાં કરતાં વધ્યું છે.''

(કલ્યાણ તા.૧૬-૯-૫૯ પૃષ્ઠ ૭૨૧-૭૨૨)

૧૦. એક અમેરિકન વિદ્વાને, મી. ડાર્વીનની વાંદરામાંથી માણસોની ઉત્પત્તિની પ્રક્રિયા ખોટી પાડી છે અને જણાવ્યું છે કે ''કોઈપણ પ્રાણીની ઉત્ક્રાન્તિ તેની સજાતીય જાતિમાંથી થઈ શકે છે. વિજાતીયમાંથી થાય નહિં.'' એ મતલબની વાત ઘણા પ્રમાણોથી સિદ્ધ કરી છે. તે વાત ''છઠ્ઠા આરામાં મનુષ્યો-વૈતાઢ્ય પર્વતના બિલોમાં આશ્રમ લઈને રહે છે, ને પાછા ઉત્સર્પિણીકાળે તેમાંથી જ વિકાસ પામીને- બધી જાતિઓમાં માનવો - ખુલ્લામાં રહેતા અને વસતા થાય ચે. તથા સંસ્કારી બની, ધર્મપ્રધાન સાંસ્કૃતિક જીવન જીવતા થાય છે.'' એ શાસ્ત્રીય વાત સાથે મેળ ખાય છે.

**૨૧. કઠિનતાની પરાકાષ્ઠા :**

યદ્યપિ આ હિતકારી રહસ્યો સાંભળવા આજે કોઈ તૈયાર નથી. તો સમજવાની તો વાત જ શી? કદાચ કોઈ સમજે, તો તેને અમલમાં મૂકવાની અશક્યતા ઓચ્છી થતી જાય છે. કેમકે કરોડો ને અબજો માનવોના ધંધા અને આજીવિકાનો આધાર નવા અર્થતંત્ર અને આર્થિક સાધનો ઉપર ગોઠવાઈ ગયો છે ને ગોઠવાતો જાય છે. કોઈ સારો વકિલ કદાચ આ સમજે. પરંતુ પોતાનો ધંધો શી રીતે છોડી શકે ? કોઈ બુદ્ધિશાળી મિલમાલિક સમજે, પરંતુ તેને શી રીતે છોડી શકે ? મોટર અને બંગલા શી રીતે છોડી શકે ? આ પરિસ્થિતિ છે. તેથી સંસ્કૃતિ જેટલી અક્ષત રહી છે, તેનું એટલેથી પણ રક્ષણ કરવાને બદલે અથવા રક્ષણ કરવાને બહાને પણ જમાનાને અનુસરવાને નામે પ્રગતિમાં આગળ વધવાની વાતને જ સૌ ટેકો આપે છે. કેટલાક ધર્મગુરુઓને પણ તે વિચારના ગૃહસ્થોને અનુસરવું પડે છે અને આજે ત્રીજી ચોથી પેઢીના ધર્મગુરુઓના ખ્યાલમાં પણ મૂળ વસ્તુઓ રહી હોવાની સંભાવના ઓછી થતી જાય છે. કદાચ રહી હોય, તો તેવી પણ કોઈક જ વ્યક્તિ મળી શકે. આમ વિષમતા વધી ગઈ છે. ચારેય તરફ પ્રાગતિક તત્ત્વોનો ઘેરો ઘલાયેલો છે. આ અસાધારણ કઠિનતા છે. હુવે ભાંગ પડી છે.

ભારતના નવા બંધારણમાં પરંપરાગત અને શાસ્ત્રોક્ત ચારેય પુરુષાર્થોનો જીવન-આદર્શ લુપ્ત કરવામાં આવ્યો છે. તેને સદંતર દૂર કરવા માટે ગૂઢરીતે જમાનાને નામે પ્રાગતિક જીવનવ્યવહારના આદર્શને તેમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. ને તેને જીવનમાં દાખલ કરવા માટે સાંસ્કૃતિક જીવન જીવતા લોકોના જીવનમાં મૂળથી ટોચ સુધીના પરિવર્તનો કરી નાખવા માટે તમામ પ્રકારે નવરચના કરાઈ રહી છે અને તદનુકૂળ કાયદા કરવામાં આવ્યા છે. ''પછી તે ગમે તેવું ઉત્તમ તત્ત્વ કેમ ન હોય, પરંતુ તેમાં પરિવર્તન થવું જ જોઈએ, આ જાતનો આજે આગ્રહ સેવાય છે.''

**૨૨. બચવાનો ઉપાય ? :**

છતાં ગમે ત્યારે પણ બચવાનો ઉપાય તે એક જ છે કે ''જેમ બને તેમ મહાપુરુષોના બતાવેલા જીવનમાર્ગમાં ટકી કહેવું જેમ બને તેમ પ્રાગતિક જીવનથી દૂર રહી સાંસ્કૃતિક જીવન જીવવું ને એમ વર્તવું એમ બુલંદ અવાજે બોલવું, સમજવું ને સમજાવવું'' એ જ આત્મવાદી સર્વ, ધર્મ, નિષ્ઠ, પુરુષોનું તેની મૂળભૂત સંસ્થાઓનું અને તેમાં સહાયક સર્વ બળોનું મુખ્ય કર્તવ્ય છે.

સાંસ્કૃતિક અને પ્રાગતિક આ બે આદર્શ ભેદોને જુનવાણી જીવન અને નવજીવન એવા બે જુદા જુદા નામો આપવામાં આવ્યા છે.

જે સનાતન અને હિતકર છે, તેને જુનવાણી નામ તેની નિંદા સૂચવવા માટે અપાયેલું છે, અને જે કામચલાઉ અને હાનિકારક છે તેની શ્રેષ્ઠતા સૂચવવા માટે પ્રચારમાં પ્રેરણા આપનાર તરીકે નવજીવન નામ આપવામાં આવેલું છે.

વાસ્તવિક રીતે કોઈ મૂળ પાયો જ નથી. માત્ર પાશ્ચાત્યોની ઇચ્છા. એ જ તેનો મૂળ પાયો. ત્યારે સાંસ્કૃતિક જીવન તો વિશ્વવ્યવસ્થા અને તત્ત્વજ્ઞાન સાથે સંગત અને પાયાદાર વ્યવસ્થિત જીવનધોરણ છે.

''ધર્મપુરુષાર્થનું પ્રામાણિકપણે અવલંબન જેમ બને તેમ ટકાવી રાખવું'' એ જ વિશ્વનું શરણ છે. મહાન વિશ્વવત્સલ આત્માઓએ ધર્મવ્યવસ્થાને જગતમાં મહાઉપકારબુદ્ધિથી સ્થિર કરી છે. તેને ટકાવવામાં જ સમગ્ર માનવજાતિનું ને પ્રાણીમાત્રનું હિત છે. તે સિવાય દરેક વસ્તુ હાનિકારક છે. આત્મવાદીઓને ઘેરતા રહેવાનો ઉપાય સામેથી પણ એક જ છે, કે ''પ્રગતિશિલ બનો, પ્રાગતિક જમાનાને અનુસરો.'' એમ દરેક બાબતમાં કહેવું. બસ, બેમાંથી કયું પરિણામ હિતકાર છે ? અને શું પસંદ કરવું ? તેનો સ્વતંત્રપણે વિચાર કરીને હિતકારીને અનુસરવાની સૌની ફરજ છે. **(સમાપ્ત)**

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# દસ લાખ જાતનાં જીવો નાશને આરે

માનવ સિવાયની જીવસૃષ્ટિનાં અનેકવિધ રૂપોની આવરદા કુદરતી ક્રમમાં પૂરી થાય તેના કરતાં વહેલાં પૂરી થઈ રહી છે. કોઈક એક હેતુ માટે એક બાંધકામ ઊભું થાય છે. રહેઠાણ, ઉદ્યોગ, વાહનવ્યવહાર, બજાર. સેંકડો વાજબી હેતુઓ હોઈ શકે. એટલે એ બાંધકામ થવાની સાથે એ જગ્યા પરની માટી જાય છે. માટી સાથે પાણી, ઘાસ, મૂળિયાં, વનસ્પતિ, કેટલાંય જીવો એ જગ્યા પરથી નાશ પામે છે અથવા પોતાનું રહેઠાણ ગુમાવે છે. આવાં સેંકડો બાંધકામો દર ક્ષણે દુનિયાભરમાં ઊભાં થતાં રહે છે અને તેની સાથેની જીવસૃષ્ટિ ખતમ થતી રહે છે. આ રીતે પૃથ્વી પરનાં જીવવૈવિધ્યના નાશની સાદી, કદાચ વધારે પડતી સરળ, સમજૂતી આપી શકાય.

માણસ સિવાયની જીવસૃષ્ટિનો આ નાશ અટકાવી ન શકાય તો ય ધીમો પાડવો પડે કારણ કે તે માણસના જ નાશ તરફ દોરી જવાનો છે. કેવી રીતે ? બે સાદી વાત : ઝાડ અને માટીની. ઝાડનો નાશ ચાલે નહીં. ઝાડ કાપીએ એટલે તે જે પ્રાણવાયુ આપે છે તેનું પ્રમાણ ઘટે, તે હવામાંથી જે અંગારવાયુ લે છે તેનું પ્રમાણ આપણી હવામાં વધે, વળી ધુમાડાના ફેલાવાથી અંગારવાયુમાં ઉમેરો થાય. ઝાડ કપાતાં જમીન સહિત સર્વત્ર ઠંડકનો અભાવ થાય, પૃથ્વીનું તાપમાન વધે. જળસ્રોતો જલદી સુકાય, વરસાદ ઘટે, દુષ્કાળ માનવજીવનનો નાશ કરે. અતિઠંડા પ્રદેશમાં ય તાપમાન વધે, એટલે બરફ ઓગળે, નદીઓમાં પૂર આવે અને માનવજીવનનો નાશ કરે.

કુદરત પહેલાં ક્યારેય નહીં એવી ઝડપે ખતમ થઈ રહી છે એવી ચેતવણી તાજેતરમાં બહાર પાડેલાં ગ્લોબલ ઍસેસમેન્ટ રિપોર્ટ ઑન બાયોડાઈવર્સિટી એન્ડ ઇકોસિસ્ટમ સર્વિસીસ (જીવવૈવિધ્ય અને પરિસરતંત્ર સાથે સંકળાયેલી સેવાઓ પરનું વૈશ્વિક મૂલ્યાંકન) નામના અહેવાલમાં આપવામાં આવી છે. અહેવાલ જણાવે છે કે દસ લાખ જાતનાં જીવો અને વનસ્પતિ નાશને આરે છે, પૃથ્વી પરની જમીનના ૭૫ ટકા અને ૬૬ ટકા દરિયાઈ હિસ્સાને નોંધપાત્ર નુકસાન થયું છે. વેટલૅન્ડ એટલે કે સપાટી પર દેખાતાં પાણીવાળી કે ભીનાશવાળી જમીનનો ૮૫ ટકા ભાગ અલોપ થયો છે. દુનિયાની ૨૩ ટકા જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. દરિયાકાંઠા પરના કુદરતી જીવોનાં વસ્તીસ્થાનો (હૅબિટાટ્સ) ખલાસ થઈ રહ્યાં છે. આ હૅબિટાટ્સથી પૂર અને વાવાઝોડાં કાબૂમાં રહેતાં. પણ આ આપત્તિઓનાં જોખમ હેઠળ હવે દુનિયાના એક કરોડથી ત્રણ કરોડ જેટલા લોકો જીવી રહ્યા છે. પ્લાસ્ટિકને કારણે ફેલાતા પ્રદૂષણમાં ૧૯૮૦થી દસ ગણો વધારો થયો છે.

આ અહેવાલમાં સંખ્યાબંધ મહત્ત્વની વિગતો આપવામાં આવી છે. વનવિસ્તારની બાબતમાં એ કહે છે કે ખેતીના કુલ ફેલાવાનો અડધો વિસ્તાર એ જંગલોને ભોગે થયો છે. વિકાસશીલ અને વિકસિત દેશોના પાંચસો ચોરસ કિલોમીટરથી મોટો વિસ્તાર ધરાવતાં જંગલોમાં ૨૦૦૦ પછીનાં તેર વર્ષમાં ૭ ટકા ઘટાડો નોંધાયો છે. ૧૯૯૨થી લઈને અત્યાર સુધીમાં શહેરીકરણ ૧૦૦ ટકા વધ્યું છે અને ૧૯૭૦થી અત્યાર સુધી વિશ્વની વસ્તી ૩.૭ બિલિયનથી વધીને ૭.૬ બિલિયન એટલે કે ૧૦૫ ટકા વધી છે. આ ગાળામાં પાણી, ખોરાક અને જમીન માટે ૨૫૦૦ સંઘર્ષો નોંધાયા છે.

દરિયાઈ પેદાશોમાં ૩-૧૦ ટકા અને ફિશ બાયોમાસમાં ૩-૨૫ ટકા ઘટાડો નોંધાયો છે. દુનિયાનાં પાણીમાં દર વર્ષે ત્રણસોથી ચારસો ટન ઔદ્યોગિક કચરો છોડવામાં આવે છે. ૧૯૮૦થી અત્યાર સુધીમાં હવામાં છોડવામાં આવતાં કાર્બન ડાયોક્સાઈડ, ક્લોરોફ્લુરોકાર્બન સહિતના વાયુઓના પ્રમાણમાં ૧૦૦ ટકા વધારો થયો છે. તેને કારણે પૃથ્વીનું તાપમાન ઓછામાં ઓછું ૦.૭ ડિગ્રી વધ્યું છે. પર્યાવરણ માટે લડનારા કર્મશીલો અને તેના માટે લખનારા પત્રકારોમાંથી સો જણની ૨૦૦૧-૧૩ દરમિયાન હત્યા કરવામાં આવી છે. આમ કરીને મનુષ્ય પોતાના માટે જ મોતનો કૂવો ખોદી રહ્યો તે વાત સ્પષ્ટ છે.

**- સંજય ભાવેના નવ ગુજરાત સમયના લેખમાંથી ટૂંકાવીને**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૮-૧૯)**

---

## વિનિયોગ સમાચારના વાચકોને વિનમ્ર વિનંતી

**વિનિયોગ સમાચાર ૧૫ વર્ષથી પ્રકાશિત થઇ રહ્યું છે અને આપને નિયમિત મોકલાય છે. વર્તમાનમાં વિનિયોગ સમાચારનું મેઇલિંગ લિસ્ટ લગભગ ૭ હજાર જેટલું છે. જો કોઇ કારણસર વિનિયોગ સમાચાર આપને મળતું હોય પણ આપ વાંચી શકતા ન હો અથવા આપને વિનિયોગ સમાચારમાં રસ ન હોય તો આપને એ ન મોકલવા માટે અમને જાણ કરશો તો આપના આભારી રહીશું.**

**એક પોસ્ટકાર્ડ દ્વારા નામ અને એડ્રેસ લખી અમને જાણ કરશો. આપ અમને ફોન અથવા Email પણ કરી શકશો. ફોન અથવા Email કરતી વેળા આપનું નામ અને સરનામું જણાવશો.**

### વિનિયોગ પરિવાર ટ્રસ્ટ

બી/૨, ૧૦૪ વૈભવ, જાંબલી ગલી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૯૨
સંપર્ક : શ્રી દિનેશભાઇ મહેતા
ફોન: 28991781, 28980749
Email : vinyogparivar@gmail.com

# પેપ્સીકાંડના બોધપાઠ : માત્ર બીજ અધિકાર નહીં, બીજ ફરજ પણ

(ગતાંકથી ચાલુ)

આશાના કિરણ જેવા છે, કેટલાંક વ્હીસલ-બ્લોઅર્સ, કર્મશીલો અને લોકકેન્દ્રી વકીલો! વેળાસર જોખમને પારખીને ખતરાની ઘંટડી વગાડીને આખા દેશને હલાવી નાખી શકે છે. બીજ અધિકાર જેવી ૮૦૦૦ વર્ષ જૂની પરંપરાને ઠેકાણે પાડી દેવાની પેરવીમાં કોઈના પેટનું પાણી હાલ્યું ન હોત જો વ્હીસલ-બ્લોઅર્સ ચેતવ્યા ન હોત! તેમાં Alliance for Sustainable and Holistic Agriculture (ASHA) ના નામે દેશભરમાં વ્યાપેલું નેટવર્ક સમગ્ર દેશ માટે મોટી મૂડીરૂપ છે. તેના સંયોજિકા કવિતા કુરુંગતી અને IPR એક્સપર્ટ શાલિની ભૂટાની વીજળીની ઝડપે કામ કરી શકે છે અને આવી ઝુંબેશ માટેના અતુલનીય સ્ટ્રેટેજિસ્ટ છે. ASHA ના નેટવર્કે ત્રણ જ દિવસમાં લગભગ ૨૦૦ નામાંકિત વ્યક્તિઓની સહીઓ ભેગી કરીને દબાણ લાવી દીધું. આઠ-દસ દિવસમાં ચાર પ્રેસનોટ મોકલી દીધી. આ ગાળામાં ત્રણ પ્રેસ કોન્ફરન્સો અમદાવાદમાં કરી શક્યા. આ બધામાં લોકનાદ, ભારતીય કિસાન સંઘ, ગુજરાત ખેડૂત સમાજ, ખેડૂત એકતા મંચ, ગુજરાત વિદ્યાપીઠ, જતન અને ગુજરાત એસોસિયેશન ફોર એગ્રીકલ્ચરલ સાયન્સીસ (ગાસ)નો સહયોગ મહત્ત્વપૂર્ણ રહ્યો. આવા વ્હીસલ-બ્લોઅર અને વકીલોની સરકારમાં અને કોર્ટમાં અસર પડતી રહે અને જનતાનો ટેકો મળતો રહે તે જરૂરી છે.

છેલ્લે એક મહત્ત્વની વાત પણ ધ્યાન પર આવે છે. સારું બીજ વિદેશથી કેમ લાવવું પડે છે? તેની પર એકાધિકાર કેમ રાખવો/ આપવો પડે છે? બટેટાની વેફર બનાવવા જેવા ઉદ્યોગ માટે ય આપણને પેપ્સીની જરૂર કેમ પડે છે? દેશના સિમલા સ્થિત બટેટા સંશોધન કેન્દ્રએ વેફર-ચીપ્સ માટેની સારી જાતો વિકસાવી છે તેનો પ્રસાર કેમ નથી થતો? શું સંશોધન-વિસ્તરણમાં કૃષિ યુનિવર્સિટીઓ પાછળ પડી રહી છે? એવું જ ખેત-પેદાશોના બજાર અને મૂલ્ય-વૃદ્ધિ વિશે છે. જે ચીજ દૂધ ક્ષેત્રે અમુલ, ફળ અને શેરડી ક્ષેત્રે દક્ષિણ ગુજરાતની સહકારી સંસ્થાઓ કરી શકે તે બાબત બટેટા ક્ષેત્રે ઉત્તર ગુજરાત કેમ ન કરી શકે? શું સહકાર કરવાનો સ્વભાવ ઘટી રહ્યો છે? સહકારી ક્ષેત્રને રાજકીય પક્ષોનો સડો ભરખી રહ્યો છે? જો ભારતીય તરીકે આપણે સહકારી તંત્રોને મજબૂત ન બનાવી શકીએ તો પેપ્સી જેવા આપણે માથે રાજ કરે અને તેમાં પેપ્સીની કૂનેહ કરતાં ભારતીયોનું નમાલાંપણું વધુ જવાબદાર ન ગણાય? કહેવાય છે કે વેફરના બટેટાની ખેતી વધુ રળી આપે છે અને ખેડૂતો તે તરફ વળ્યા છે. પણ સજીવ ખેતીના મૂળ સિદ્ધાંતો-પદ્ધતિઓમાં કોને રસ છે? ખેડૂત પોતાનું બીજ પકવી લે, દવા-ખાતર જાતે બનાવી લે, મિશ્રપાકો કરે, પર્યાવરણમિત્ર ખેતી કરે, મૂલ્યવૃદ્ધિ દ્વારા સીધું બજાર શોધી લે અને બજારનો આશ્રિત/શોષિત રહેવાને બદલે સ્વાયત્ત-સ્વતંત્ર બને તેમાં આવી કંપનીઓને રસ પડશે ખરો? પછી એ કંપની ભલે દેશની હોય કે વિદેશની! જ્યારે દેશમાં પ્રજાના કૌવત અને પ્રામાણિકતા, વિકાસ માટે સહકાર, સમુચિત વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ કેન્દ્રી વિકાસ અને લોકશાહીના પાયાનાં મૂલ્યોનું જતન થશે ત્યારે જ પેપ્સીકાંડ જેવા કાંડનો સિલસિલો તૂટશે!

**માત્ર બીજ અધિકાર નહીં, બીજ ફરજ પણ :** ખેતી પ્રધાન અને નાના ખેડૂતોના દેશ ભારતમાં ખેડૂતના બીજ પકવવાના અધિકાર છીનવાઈ ન જાય તે તો આપણે સૌએ જોવાનું છે. હાલમાં પ્રવર્તતા ભારતના તમામ કાયદામાં બીજ સમેત કોઈ સજીવ પર પેટન્ટ લઈ શકાતો નથી એટલું જ નહીં સીડ એક્ટ ૧૯૬૬ અને PPV&FR એક્ટ ૨૦૦૧ ખેડૂતોને બીજ પકવીને વેચવાની છૂટ પણ આપે છે પણ સિક્કાની બીજી બાજુ પણ છે. કોઈ અધિકાર ફરજની સભાનતા વિના મળે તો સમાજને પૂરો ફાયદો ન થાય. બીજ સંદર્ભે ગુજરાત હવે ખૂબ વગોવાયું છે. કાયદાઓની ઊણપ અને છટકબારી વાપરીને, તંત્રની મર્યાદાઓનો ઉપયોગ કરીને લાંબે ગાળે ખેડૂતોનું અને દેશનું ભારોભાર અહિત કરવાનું શરૂ થયું છે. ખેડૂત કે બીજના ઉત્પાદક/ વિતરક તરીકે આપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કે શું આપણે ટૂંકાગાળાના વ્યક્તિગત ફાયદા શોધવા, કાયદાથી અજાણ રહીને કે કાયદાને અવગણીને ખોટું કામ તો નથી કરતા ને!

**ગેરકાયદે બીજના ગોરખ ધંધાનું મૂળ ગુજરાત :** ભારતમાં ૨૦૦૦ની સાલમાં બીટી કપાસ, ૨૦૦૮ની સાલમાં HT કપાસ, ૨૦૧૭માં HT સોયાબીન અને ૨૦૧૯માં બીટી રીંગણ આમ ચારેય પાકોની ગેરકાયદે ખેતી પકડાઈ છે. સલામતીની જરૂરી ખાતરી વિના વિશ્વભરમાં જીએમ પાકોના સંશોધન, ખેતી અને બીજ ઉત્પાદનને મંજૂરી મળતી નથી. ઉપરોક્ત તમામ કિસ્સામાં જીએમ પાકો ખેતરોમાં ઊગેલા પકડાયા. બીટી રીંગણ સિવાયના ત્રણે ય પાકોની શરૂઆત ગુજરાતમાંથી થઈ હોવાનું જણાયું છે અને કપાસની બંને પ્રકારની ગેરકાયદે જીએમ જાતોનું બીજ પંજાબથી માંડી ઠે....ઠ આંધ્રપ્રદેશ સુધી ગુજરાતે ટન બંધ જથ્થામાં ફેલાવ્યું! શું આ નાનો સરખો ગુનો છે?

**બીમારીઓ વધારનારા બીજ :** નિંદણનાશક વિરોધી (Herbicide Tolerant - HT) કપાસનું બીજ હૈદ્રાબાદથી પકડાયું જે ગાંધીનગરથી રવાના થયું હતું. રાઉન્ડઅપ રેડી (એટલે કે નિંદણનાશક ગ્લાયફોઝેટ પ્રતિરોધક) આ બીજ બીજી૩ તરીકે પણ ઓળખાય છે જેમાં બીટી ઉપરાંત HT ના જીન્સ પણ નાંખેલા છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, પંજાબ અને

આંધ્ર પ્રદેશમાં તેની ખૂબ મોટી ખેતી થાય છે કરોડો રૂપિયાના લાખો પેકેટનો કાળાબજારમાં તેનો ધંધો થાય છે. આ બીજ વાપરવાની સાથે ખેડૂતો ભરપૂર માત્રામાં ગ્લાયફોઝેટ વાપરે છે. આ એ જ ગ્લાયફોઝેટ (રાઉન્ડઅપ) છે જે વાપરવાથી થયેલ નુકસાન અંગે ૧૩,૪૦૦ થી વધુ કેસો USA ની કોર્ટમાં ચાલે છે. જેમાંના ત્રણ કેસમાં અબજો ડોલરની નુકસાની ભરપાઈ કરી આપવાનું કોર્ટે મોન્સેન્ટોને ફરમાન કર્યું છે. ભારતમાં ગ્લાયફોઝેટનું રજીસ્ટ્રેશન માત્ર ચાના બગીચા અને પાક સિવાયના વિસ્તારમાં (non-crop area)માં વાપરવા થયું છે તેમ છતાં દેશભરમાં તે છૂટથી મળે છે અને વપરાય છે. અલબત્ત, મહારાષ્ટ્ર, પંજાબ, કેરળ, તેલંગણા અને આંધ્ર પ્રદેશમાં તેના વપરાશ પર નિયંત્રણો લદાયાં છે પણ ગુજરાતમાં તેના વપરાશ પર કોઈ રોકટોક નથી. વિશ્વભરમાં પણ અનેક દેશોમાં તેના પર વિવિધ પ્રકારના પ્રતિબંધો લદાયા છે. ધ્યાન રહે, ૨૦૧૫માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને સંભવિત કેન્સરકારક જાહેર કર્યું છે.

ઉપરોક્ત બંને મુદ્દે સવાલ એ પૂછવાનું મન થાય કે શું આપણે એવા બીજનો પ્રચાર કરવો છે જે માત્ર ગેરકાયદે જ નહીં પણ પર્યાવરણ પર અને માનવ આરોગ્યને ભરપૂર ખતરો ઊભો કરે ?

**હલકી ગુણવત્તાવાળા બીજ દ્વારા ખેડૂતોની છેતરામણી :** ત્રીજો મુદ્દો ડુપ્લીકેટ બીજનો છે જે હવે વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે. ખેતીનો ઘણો મોટો આધાર બીજની ગુણવત્તા ઉપર છે. આ ગુણવત્તા એટલે બીજના ઊગવાના ટકા, બીજમાં ભેજનું પ્રમાણ, તેના પેકિંગની ગુણવત્તા, બીજમાં રોગકારકો-જીવાતના અંશો, પૂરતું વજન વગેરે તો જોવાનું જ હોય છે. તે ઉપરાંત તેની જનીનિક શુદ્ધતા-એટલે બીજની પાસે જે આનુવાંશિક ગુણો અપેક્ષિત છે કે જેના દાવા કરાય છે તેવા લક્ષણો ધરાવે છે કે નહીં તે પણ ઘણું મહત્ત્વનું છે. વળી આવા લક્ષણોનું એકધારાપણું તમામ બીજમાં હોવું જોઈએ. સારા બીજથી ઊગેલો પાક એકધારો (Uniform) હોવો જોઈએ. બીજની જનીનિક શુદ્ધતા (true to type), એકધારાપણું (Uniform) અને આનુવાંશિક સ્થિરતા (Stability)ની ચકાસણી અને ખાતરી સહેલી વાત નથી, તે માટેની વ્યવસ્થા ખાસ્સી અપૂરતી છે, કાયદાની ઊણપ છે પરિણામે નિયમન કરનારું સરકારી તંત્ર પણ નિઃસહાય અને બેઅસર થઈ જાય છે. બીજનો વ્યવસાય કરતા ખેડૂતો અને કંપનીઓ આનો ભરપૂર લાભ ઊઠાવે છે. દર વરસે - બે વરસે રિસર્ચ વેરાઈટીને નામે નોંધણી કરાવી ગમે તેવો માલ ખેડૂતોને પધરાવી દેવાય છે અને ખેડૂતો ભરપૂર છેતરાય છે.

એ વાત સ્પષ્ટ છે કે આપણે બીજ બાબતે ખેડૂત કે બીજના વ્યવસાયકાર તરીકેની ફરજ ચૂકી રહ્યા છીએ. ફરજ પ્રત્યે નાગરિકોની સભાનતા એ નિયમન માટેની પ્રથમ શરત છે. તે ન હોય તો સરકારી કાયદા વામણાં પડે. ગેરકાયદે, માન્ય ન હોય તેવું, જોખમી અને હલકી જનીનિક ગુણવત્તાવાળું બીજ વેચનારી કંપનીઓ દેશ અને ખેડૂતોનો મોટો દ્રોહ કરે છે. દેશના પર્યાવરણ અને લોકોના આરોગ્ય સાથે છેડાં કરતો અને ખેડૂતો પ્રત્યેની જવાબદારી વિનાનો બીજનો ધંધો એ જઘન્ય કૃત્ય છે, અનૈતિક છે અને ઈશ્વર પણ તેમને માફ નહીં કરે તે સમજી લઈએ. ખેડૂત કે બીજના વ્યવસાયકાર તરીકે આપણે નીચે પ્રમાણેની ફરજો અદા કરીએ તો ખેડૂતોનું અને દેશનું અહિત થતું અટકશે.

૧) ખેડૂત તરીકે બીજ અંગેના કાયદાથી વાકેફ થઈએ.

૨) બીલ વગર વેચાતું બીજ નકામું, ગેરકાયદે કે ભરોસા વગરનું છે એમ જ સમજી લઈએ.

૩) જીનેટિક એન્જીનીયરીંગથી બનાવેલ બીજ (દા.ત. બીટી કપાસ) માન્ય થયેલું છે કે નહીં તેની ખાતરી કરીએ. બીટી કપાસની અમુક જાતો સિવાય કોઈ જીએમ બીજ વાપરવું ગેરકાયદે છે અને તે વાપરવું સજાપાત્ર છે.

૪) બોલગાર્ડ - ૩ કપાસ, વીડગાર્ડ, રાઉન્ડઅપ રેડી જેવા દાવા (એટલે કે ઘાસ મારવાની દવા છાંટવાથી પણ પાક બળતો નથી) સાથે વેચાતું તમામ બીજ ગેરકાયદે જ નહીં, ખેડૂતોના પોતાના આરોગ્ય માટે અને જમીનના સ્વાસ્થ્ય અને ખેતરના પર્યાવરણ માટે ભયંકર જોખમી છે તે ભૂલેચૂકે ય ન વાવીએ. નહીં તો કાં તો લાંબે ગાળે બીમારીથી પકડાશો અથવા પોલીસથી પકડાશો!! તેવું જ રાઉન્ડઅપ રેડી સોયાબીન અને બીટી રીંગણ માટે છે.

૫) હાઈબ્રીડ સિવાયની જાતોનું બીજ સહેલાઈથી જાતે તૈયાર કરી શકાય છે. જે તે પાકના વધુ ઉત્પાદન આપતા, રોગ-જીવાત મુક્ત, હૃષ્ટ-પુષ્ટ છોડની પ્રથમ વીણીનું બીજ જાતે પકવીને ખર્ચ અને છેતરામણીથી બચી શકાય છે.

૬) ભારતમાં કંપનીઓ દ્વારા વેચાતું મોટાભાગનું હાઈબ્રીડ બીજ ખેડૂતો જ તૈયાર કરે છે. સારા નર-માદા મેળવી, બીજના પ્લોટ બનાવી ખેડૂત કે તેમના સમુદાયો પોતાની જ સ્થાનિક શાખ ઊભી કરી બીજ બનાવી શકે છે. તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકાર તાલીમ અને પ્રોત્સાહન આપે તેની હવે તાકિદ છે.

આ તમામ અનુભવોને આધારે સરકારે બીજ અંગેના કાયદાઓમાં ખાસ્સા ફેરફાર કરવાની જરૂર છે. સરકાર માટે પડકાર એ છે કે એક તરફ બીજના ઉત્પાદન અને વ્યવસાયનું નિયમન કરવું અને છતાં ખેડૂતોમાં બીજ અંગેના અધિકારો સાચવવા. અલબત્ત, ગમે તેટલા કાયદા હોય પ્રજા લાલચ છોડશે, જવાબદાર બનશે અને ફરજ પ્રત્યે સભાન થશે ત્યારે જ કાયદાનો અસરકારક અમલ થશે. **(સમાપ્ત)**

**- જગત જતનકર**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧૬-૬-૧૯)**

# શબ્દછળથી સંસ્કૃતિનાશ

**(ગતાંકથી ચાલુ)**

હવે આ માંસ તથા ઈંડાં સાથે બીજાં અનાજ ભેળવી તેના ખાદ્યપદાર્થો જેવા કે પાંઉ, બિસ્કિટ, કૉફી વગેરે બનાવીને અથવા પ્રોટેન્યુલને કે બોર્નવિટાને મળતા આવતા ટોનિક પાઉડરો બનાવી વિટામિનાઇઝ્ડ, પ્રોટીન રીચ ટોનિક ફૂડનાં અથવા પ્રોટીન રીચ ફાર્મ ફૂડનાં લેબલ લગાવી વેચે તો જરૂર લોકો છેતરાઈને અને પ્રોટીનવાળા ખેતપેદાશમાંથી - એટલે કે અનાજ કે કઠોળમાંથી બનાવેલા પદાર્થો માનીને હોંશે હોંશે ખાવા લાગશે. ડૉક્ટરરો પણ પોતાના દર્દીઓને એની ભલામણ કરશે અને માંદગી પછી આવેલી નબળાઈ દૂર કરવા ટોનિક દવા તરીકે ખાવા ભલામણ કરશે.

**સમતોલ ખોરાક :** સમતોલ ખોરાકને નામે પ્રજાને ખૂબ જ આડે માર્ગે દોરી જવામાં આવી છે. એવો આડો માર્ગ જે આખરે સમસ્ત પ્રજાને માંસાહારી બનાવી દે છે.

ભારતમાં મૂળ શબ્દ હતો '' પૌષ્ટિક ખોરાક.'' સમતોલ ખોરાક નહિ. ''પૌષ્ટિક ખોરાક'' એટલે શરીરમાં બળ અને વીર્યનો વધારો કરે. આવા ખોરાકમાં મુખ્યત્વે તાજું દૂધ, શુદ્ધ ઘી અને દૂધમાંથી બનતી કે શુદ્ધ ઘી અને ચણાના, અડદના, મગના કે ઘઉંના લોટના મિશ્રણથી બનતી મીઠાઈઓ પૌષ્ટિક આહાર તરીકે ગણાય છે.

હિંદુ ધર્મશાસ્ત્રો બળ, બુદ્ધિ અને આરોગ્ય માટે વીર્યને જ મહત્ત્વનું ગણે છે. ઉપર લખેલા પૌષ્ટિક આહારની તમામ ચીજો વીર્યવર્ધક છે, જે વીર્યવર્ધક હોય તે બળવર્ધક પણ હોય જ.

સમતોલ ખોરાકમાં વીર્યની વાતને ઉડાવી દેવામાં આવી છે. તેમાં માત્ર કૅલેરી, પ્રોટીન, વિટામિન અને બીજાં ક્ષારદ્રવ્યોની ગણતરી કરી તેવાં દ્રવ્યો મેળવવા માટે જુદા જુદા ખાદ્યપદાર્થોની નામાવલિ રજૂ કરી ધીમેથી તેમાં માંસ, મચ્છી અને ઈંડાંને મૂકી દેવામાં આવ્યાં છે. તેમાં પ્રોટીન વધારે હોવાનું કહી તેનો જ પ્રચાર કરી આસ્તે આસ્તે નવી પ્રજાને માંસ અને ઇંડાં ખાવા તરફ વાળી દીધી છે.

આમ, પૌષ્ટિક ખોરાક અને વીર્યને બાજુએ હડસેલી સમતોલ ખોરાક અને પ્રોટીનની જાળ નાખીને પ્રજાને માંસ, મચ્છી, ઈંડાં ખાતી કરવાનું આ એક જબરદસ્ત ષડ્યંત્ર છે, જેથી એક વખત લોકો માંસ, મચ્છી ખાતા થઈ જાય એટલે હિંસાનો વિરોધ કરતા બંધ થાય. એટલે તેમને પણ પૈસા મેળવવાની લાલચે હિંસા કરવા પ્રેરી શકાય જેથી સરકાર દેશનું અર્થકારણ પશુશક્તિ અને માનવશક્તિના સંયોજન દ્વારા ચલાવવાને બદલે પશુ-પ્રાણીઓની કતલ કરી તેમનું માંસ નિકાસ કરીને ચલાવી શકે. લોકોને માછલીનો લોટ ખવડાવી અનાજ પશુઓને ખવડાવી શકે જેથી માંસની નિકાસ કરવામાં લોકો જ સહાયભૂત બને.

આમ, પૌષ્ટિક ખોરાકને સ્થાને આવેલો ''સમતોલ ખોરાક'' શબ્દ હિંદુ પ્રજા, હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિ માટે ઍટમબૉમ્બ જેવો જ ખતરનાક છે.

**શબ્દાસ્ત્ર :** ટેકનૉલૉજી ટેકનોલોજી અંગ્રેજી શબ્દ છે. તેનો ગુજરાતી અર્થ છે આવડત, પરંતુ ટેકનૉલૉજી શબ્દનો ઉપયોગ કર્યા કરીને જાણે કે એ કોઈ નવી જ વસ્તુ હોય એવી ભ્રમણા ઊભી કરીને ભારતના શહેરી સમાજજીવન ઉપર પરદેશી રહેણીકરણી ઠોકી બેસાડવાનું કૌભાંડ ફેલાઈ ગયું. હવે લોકો વગર સમજ્યે ''ટેક્નૉલૉજી-ટેક્નૉલૉજી'' બોલતા થઈ ગયા છે. એટલે હવે કૌભાંડ ગામડાં તરફ વળ્યું છે. ગ્રામીણ ખેતીવિષયક ટેક્નૉલૉજી એટલે ખેડૂતોને હળ છોડાવી ટ્રેક્ટર ચલાવતા કરવા અને તેમની ચોટલી અરબ રાજ્યોના હાથમાં આપી દેવી. બળદનો કોશ છોડાવી મોટરપંપ ચલાવતા કરવા અને એ રીતે ખેતી મોંઘી કરવી. આધુનિક ટેક્નૉલૉજી મુજબ તેમને ટ્યુબવેલનાં કે નહેરનાં પાણી વાપરતા કરવા અને એ રીતે ભ્રષ્ટાચારની સરવાણીઓ ચાલુ કરવી. ગ્રામીણ ટેક્નૉલૉજીના આશરે મોંઘવારી વધે છે. વાપરનારી પ્રજાનું નિર્દય શોષણ થાય છે. શોષણ કરવાનું પ્યાદું બને છે ખેડૂત અને અબજો રૂપિયા કમાય છે અરબો, ફર્ટિલાઇઝર ક્ષેત્રની વ્યક્તિઓ અને કારખાનાંના માલિકો.

ગામડાંમાં ભારતીય ટેક્નૉલૉજી હતી ત્યારે ખેતી સસ્તી હતી, ખેડૂત સ્વતંત્ર હતો, જીવમાત્રને પોષનારો હતો. એને જુનવાણી કહીને ખતમ કરી એટલે અંગ્રેજી ટેક્નૉલૉજીનો પ્રભાવ વ્યાપી ગયો. શોષણ, ગરીબી, ભ્રષ્ટાચાર અને પરાધીનતાનાં પૂર ફરી વળવા લાગ્યાં છે. આવો છે ટેક્નૉલૉજી શબ્દાસ્ત્રનો પ્રભાવ. સ્વતંત્ર મિજાજના ખેડૂતને આધુનિક ટેક્નૉલૉજીએ અનેકને આધીન અને શોષણનું પ્યાદું બનાવી દીધો છે.

**સમતોલ ખોરાક** Balanced diet **:** આ ખોટો અને ખોટી નિષ્ઠાથી પ્રચલિત કરાયેલો શબ્દ છે. ખોરાક માટે સાચું વિશેષણ પૌષ્ટિક છે. આયુર્વેદ તેમ જ ખોરાક ક્ષેત્રે હંમેશાં પૌષ્ટિક ખોરાક શબ્દ વપરાય છે. પૌષ્ટિક અને પચે તેવો, બળવર્ધક અને વીર્યવર્ધક. પૌષ્ટિક ખોરાકનું નામ લેતાં જ ઘી, દૂધ, સૂકો મેવો, મીઠાઈઓ વગેરે નજર સામે તરી આવે.

સમતોલ ખોરાકના નામોચ્ચાર ઉપરથી બધા સ્વાદિષ્ટ, સાત્ત્વિક અને પૌષ્ટિક એવી ચીજોના નામ ભૂલાવી દઈને, શાકભાજી, પ્રોટીનજન્ય ઈંડાં, માંસ મચ્છીને ખૂબીથી તમારા મનમાં ઘુસાડે છે. પૌષ્ટિક ખોરાક માટે બાસુંદી યાદ આવે. સમતોલ ખોરાકમાં બસુંદીનું સ્થાન પાઉની સ્લાઈસ, બિસ્કિટ, આમલેટ કે ટોમેટો સૂપ તમારી નજરમાં આવે. જેમ Fat percentના શબ્દ વડે ઘી પણ ચરબી મનાયું અને પછી ઘીને ધકેલી દઈને ચરબી જ આવી ગઈ તેમ સમતોલ ખોરાકના નામે પૌષ્ટિક તત્ત્વોને હટાવી દઈને ઈંડાં અને સત્ત્વહીન શાકભાજીના સૂપ તમારી થાળીમાં આવી જશે, ત્યારે તમારા પૂર્વજો શું ખાતા? કેવી ઉત્તમ વાનગીઓ ખાતા? તેની કલ્પના પણ તમારા પુત્રોને નહિ હોય. **(સમાપ્ત)**

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

# ચૂંટણીની પ્રથા પ્રજાના હિતની પ્રથા જ નથી

ચૂંટણી એ તો પ્રજાને રાજી રાખવા માટે બ્રિટિશ સત્તાએ ભેટ આપેલી સાપ-સીડીની રમતનું નવું રમકડું છે. પ્રજાને એમ લાગે કે અમે અમારા પ્રતિનિધિને ચૂંટીએ છીએ, એટલે કે ચૂંટાનારો ઉમેદવાર પ્રજાનો પ્રતિનિધિ છે, પણ પ્રજાનો આ નર્યો ભ્રમ છે. ચૂંટણીની નવી રમતમાં પ્રજાને પોતાનો પ્રતિનિધિ ચૂંટવાનો કોઈ અધિકાર જ નથી હોતો, જુદા જુદો પક્ષો પોતાના જે ઉમેદવારો ઉભા રાખે છે, તેમાંથી કોઈ એકને પ્રજાએ ચૂંટવાનો હોય છે. અર્થાત્ આ ઉમેદવારો પ્રજાના પ્રતિનિધિઓ નથી હોતા, પણ પક્ષ પ્રતિનિધિઓ હોય છે.

અને આવા ઉમેદવારોમાંના કેટલાક કેવા હોઈ શકે છે તેની જાણકારી સુપ્રીમ કોર્ટે તાજેતરના એક ચુકાદા દ્વારા પ્રજાને આપી દીધી છે. તેઓમાંના કેટલાક સામ-દામ-દંડ-ભેદની રમતમાં માહેર હોય છે.

આવી પ્રથાથી ચૂંટાઈ શકનારા જુદા જુદા પક્ષોના ઉમેદવારો પોતાને પ્રજાના પ્રતિનિધિઓ કહેવડાવતા હોય છે, જે નરી ચાલાકી હોય છે, નર્યું અસત્ય હોય છે.

પ્રજા પ્રતિનિધિ તરીકે પોતાને કહેવડાવવાથી, સત્તાતંત્રના સંચાલનમાં ગોઠવાઈ જનારો પક્ષ પોતે કરેલી ખોટી નીતિઓનો/યોજનાઓનો દુષ્પરિણામોના દોષનો ટોપલો પ્રજા ઉપર સહેલાઈથી નાખી શકતો હોય છે.

કોર્ટો પણ પ્રજાને ધમકાવી શકવાની તક ઝડપી શકતી હોય છે. પક્ષપ્રતિનિધિ અને પ્રજાપ્રતિનિધિ વચ્ચેનો ભેદ સમજવામાં આવતો ન હોવાથી, તેવા કેસોમાં કોર્ટો પ્રજાને 'તમે ચૂંટીને મોકલેલા પ્રતિનિધિ' એવા શબ્દોથી પ્રજાને ઠપકારી સરકારી નીતિઓના દુષ્ટ પરિણામોનો બચાવ કરી ક્યારેક લેતી હોય છે. ગુન્હાહિત વૃત્તિ ધરાવતા માણસોને તમે ચૂંટીને મોકલ્યા છે એવો દોષનો ટોપલો કોર્ટો પણ પ્રજા ઉપર નાખી દેતી હોય છે પરંતુ બિચારી પ્રજાને પોતાનો પ્રતિનિધિ ચૂંટવાનો કોઈ અધિકાર જ હોતો નથી એ રહસ્ય કોર્ટો પણ સમજી શકી નથી. શું ચૂંટાયેલા પ્રતિનિધિઓ સત્તા ઉપર આવ્યા પછી જે કાયદાઓ લાગુ કરતા હોય છે, કે જે યોજનાઓ કે નીતિઓ તૈયાર કરતા હોય છે, ત્યારે તે માટે પ્રજાનો અભિપ્રાય લેવામાં આવે છે? પરદેશમાં જઈ પરદેશી સત્તાઓ સાથેના કરારો કરતાં પહેલાં તેની વિગતો પ્રજાને જણાવવામાં આવે છે? તે કરારોની શરતો પ્રજાના હિતમાં છે કે પ્રજાનું અહિત કરનારી છે તે જાણી શકવાનો પ્રજા પાસે કોઈ ઉપાય હોય છે? આમ ચૂંટણીની પ્રથા પ્રજાના હિતની પ્રથા જ નથી, તેનાથી પ્રજાનું કશું જ નિપજતું નથી. છતાં તેના ખર્ચનો વિરાટ બોજો પ્રજા ઉપર ઠોકાઈ જતો હોય છે.

આવી ચૂંટણી વહેલી યોજાય કે મોડી યોજાય તેમાં પ્રજાને શું ફરક પડે છે? ચૂંટણી દ્વારા સત્તાનું સંચાલન સંભાળનાર કોઈપણ પક્ષ પ્રજાનું હિત કરવાને શક્તિમાન જ નથી હોતો. તેને બ્રિટિશ બંધારણના ચોકઠામાં રહીને જ બ્રિટિશ સત્તાએ નક્કી કરેલી વિકાસની વ્યાખ્યા મુજબ શ્વેત પ્રજાના હિતની વિકાસની યોજનાઓને વેગપૂર્વક આગળ ધપાવવાની હોય છે. તે માટેના જરૂરી નાણાં આપવા માટે પરદેશી શ્વેત તંત્રો તૈયાર જ હોય છે. કારણકે એ યોજનાઓ શ્વેત પ્રજાના હિતની જ હોય છે, અને તેથી તેમના આજ્ઞાંકિત દેશી માણસો દ્વારા તેને વેગપૂર્વક આગળ વધારવા આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ વિગેરે તેના માટે પ્રચૂર માત્રામાં નાણાં આપતા હોય છે. માત્ર વ્યાજ કમાવા માટે એ નાણાં નથી અપાતા હોતા. તેની સાથે જોડાયેલી શરતો આ દેશની પ્રજાના હિતના છોતરાં કાઢી નાખનારી હોય છે. દા.ત. કૃષિ વિકાસ માટે અપાતી લોન સાથે ભારતના ખેડૂતના હાથમાંથી ખેતીનો વ્યવસાય અને ખેતીની જમીન આંચકી લેવાની ગર્ભિત શરત જોડાયેલી જ હોય છે. આ વાતનો ગર્ભિત ઈસારો શ્વેત આગેવાનો અવાર નવાર કરતા જ હોય છે.

ટૂંકમાં જુદા જુદા પક્ષો કે તેના આગેવાનો પ્રજાને તારા તોડી આપવાની ગમે તેવી લોભામણી લાલચો/આશાઓ આપતા હોય, તેથી હવે તો પ્રજાએ ભરમાવાનું બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી કમિશ્નરને પત્ર લખીને જણાવી શકાતું હોય તો જણાવી દેવું જોઈએ કે કાયદાના એવા કોઈ બંધન દ્વારા અમે આ ચૂંટણીને પ્રથાનો બહિષ્કાર ન કરી શકતા હોઈએ, તો છેવટે અમે તમને એટલું તો જણાવી દઈએ છે કે આ ચૂંટણી અમને બંધનકર્તા નથી વિગેરે.

**- અરવિંદભાઈ મણિલાલ પારેખ**

# સ્વરાજ્યનું સાચું રહસ્ય

સન ૧૬૦૦થી બ્રિટિશ સત્તાએ ભારતમાં પ્રવેશ કર્યો. ત્યારપછી સામ-દામ-દંડ-ભેદના પ્રયોગ દ્વારા કેટલાય કાવાદાવા કરી, કેટલાય ભોગો આપ્યા પછી, કેટલાય બલિદાન પછી પોતાની સત્તા ભારતમાં મજબૂત કરી. શ્રીયુત ગાંધીજીએ ઉગામેલા અહિંસાના શસ્ત્રથી ડરી જઈને એ સત્તા તેમણે ભારતને સોંપી દીધી એવી માન્યતા ધરાવવી એ ગધેડાને તાવ આવવાની, અથવા ઘોડાને શિંગડા ઉગ્યા છે એમ માની લેવા બરાબર છે. કેટલીય પ્રજાઓનો ક્રૂરતાપૂર્વક નાશ કરનારી આ સત્તા ગાંધીજીના અહિંસાના શસ્ત્રથી ભય પામી જાય એ માન્યતા નરી અંધશ્રધ્ધા છે.

બ્રિટિશ આગેવાનોએ સત્તા સોંપી જ નથી. પરંતુ કેટલાક અંગ્રેજી ભણેલા નવા નિશાળિયા જેવા દેશીઓના વારંવારના

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2019
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

જીદભર્યા આગ્રહથી માત્ર કેટલાક વર્ષ માટે તેમના સામ્રાજ્યનું સંચાલન માત્ર સોંપ્યું છે.

રાજરમતના ખાં જેવા આ બ્રિટિશ અમલદારો આ અણઘડ અને બિનઅનુભવી દેશીઓને સમજાવ્યું કે તમે આ સત્તાતંત્રનું સંચાલન નહીં કરી શકો, એ તમારા ગજા બહારની વાત છે. તેમ છતાં સત્તા મેળવવાના ઉત્સાહી દેશીઓએ આ સાચી સલાહ ન માની, અને જેમ જેમ બ્રિટિશ સત્તા નકારતી રહી તેમ આ મૂર્ખ માણસો તે મેળવવા વધુ ને વધુ જીદ પકડતા રહ્યા. છતાં કંટાળીને બ્રિટિશ સરકારે સત્તા નહીં, સત્તાનું સંચાલન કેટલાક વર્ષો માટે સોંપવાનું નક્કી કર્યું. પરંતુ સત્તા સોંપતા પહેલાં, બ્રિટિશ સત્તાએ ગોઠવેલી શિક્ષણ સંસ્થાઓમાં તેમને સત્તાના સંચાલનના પાઠ ભણાવ્યા. તેમને સહાય રૂપ થાય તેવું નવું બંધારણ તૈયાર કરી આપ્યું. કઈ કઈ યોજનાઓનો અમલ કરવાનો હતો તેનું માર્ગદર્શન આપ્યું, યોજનાઓ ગોઠવી આપી. તે પૂર્વ તૈયારી કર્યા પછી પણ તેમણે મુખ્ય બે શરતો લાદી.

૧. ભારતની પ્રજાનું હિત થાય તેવી કોઈ યોજના તેમણે તેમની મેળે તૈયાર કરવાની નહીં, અને લાગુ કરવાની નહીં. ભારતની પ્રજાનું અહિત થાય તેવી જ અમે ઘડી આપેલી યોજનાઓ આગળ ધપાવવાની.

૨. આંતરરાષ્ટ્રીય શ્વેત યુરોપીયન પ્રજા ભારતમાં કાયમી વસવાટ કરી શકે તેવી યોજનાઓ વિકાસના નામે આગળ વધારવાની. સત્તાપિપાસુ દેશી માણસોએ આ મુખ્ય શરતો સ્વાકારી લીધી.

આથી એ સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે જેમ કેટલાક વર્ષોના લીઝ ઉપર યા પટ્ટા ઉપર જમીન અપાય છે, અથવા જેમ કોઈ ફ્લેટધારક લીવ લાઈસન્સ ઉપર બે/ત્રણ વર્ષ માટે પોતાનો ફ્લેટ ભાડે આપે છે તેવું તત્ત્વ આ સોદામાં ગુંથાયેલું હતું. બ્રિટિશ સત્તાએ પોતાના સત્તાના સિંહાસનની માલિકી નહોતી સોંપી, જમીનદાર જેમ પોતાની જમીનની માલિકી નથી સોંપતો તેમ, ફ્લેટના માલિક જેમ પોતાના ફ્લેટની માલિકી નથી સોંપતા તેમ. તેમ છતાં અંગ્રેજી ભણેલા દેશી બબુચકો તેમ માની બેઠા, અને સંચાલન મળ્યાને માલિકી મળવા બરાબર માની તેની ભવ્ય ઉજવણી દેશભરમાં મનાવી. તેઓ મૂર્ખ બન્યા, અને કવચિત શિવાય વિરાટ પ્રજા પણ મૂર્ખ બની.

દેશી પહેરવેશ ધારણ કરેલા મુઠ્ઠીભર અંગ્રેજી ભણેલાઓ ઉપર વિરાટ પ્રજાની કેવી અંધશ્રધ્ધા! અંધશ્રધ્ધા નિર્મૂલનના કાયદાથી પ્રજા આ અંધશ્રધ્ધાથી મુક્ત બનશે? આપણને સ્વરાજ્ય એટલે કે બ્રિટિશ સત્તાના સિંહાસનની માલિકી મળી છે એવી અંધશ્રધ્ધાથી પ્રજા હવે મુક્ત બનશે? અંધશ્રધ્ધા રાખવાના કટુ ફળ ચાખ્યા પછી?

**- અરવિંદભાઈ મણીલાલ પારેખ**

પ્રતિ,

Printed and Published by ATUL HARSUKHLAL SHAH on behalf of Viniyog Parivar Trust, Printed at RAJUL ARTS, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from VINIYOG PARIVAR TRUST, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : Sanjay Gandhi